પરતંત્રતાનું સુખ પણ નિરર્થક



આ ઓરડામાં તમે છો અને આ ઓરડાની બહાર તમે ક્યારેય ગયા નથી, ક્યારેય ગયા જ નથી. આ ઓરડામાં તમે છો, અતિ આનંદમાં છો, ગહન શાંતિમાં છો, સંપૂર્ણ સુરક્ષિત છો. કોઈ ભય નથી, ન કોઈ અંધકાર, ન કોઈ દુઃખ; પરંતુ આ ઓરડાની બહાર તમે ક્યારેય ગયા નથી. તો આ ઓરડામાં રહેવાની બે શરતો હોઈ શકેઃ એક તો એ કે તમને ઓરડાની બહાર જવાની કોઈ સ્વતંત્રતા જ નથી. એટલે કે તમે બહાર જવા ઇચ્છો તો પણ જઈ શકતા નથી. તમે આ ઓરડામાં રહેવા માટે પરતંત્ર છો - એક શરત આ હોઈ શકે. બીજી શરત એ હોઈ શકે કે તમે બહાર જવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છો, પરંતુ તમારી સમજને કારણે તમે બહાર જતા નથી. કારણ કે બહાર દુઃખ છે, બહાર પીડા છે, બહાર ભટકી શકાય છે, બહાર અશાંતિ છે. આ બે શરતો હોઈ શકે. જો તમે બહાર જવા માટે પરતંત્ર હો, તો તમારું સુખ, તમારી શાંતિ અને તમારી સુરક્ષા આ બધું થોડા જ દિવસોમાં તમારા માટે કષ્ટદાયક બની જશે, કારણ કે પરતંત્રતા કરતાં મોટું કષ્ટ બીજું કોઈ નથી. અને જો તમને સુખમાં રહેવા માટે પણ બાધ્ય કરવામાં આવે, તો સુખ પણ દુઃખ બની જશે. બાધ્યતા એટલું મોટું દુઃખ છે કે મોટામાં મોટા સુખને પણ તે નષ્ટ કરી નાખે. માનો કે એક માણસને આપણે કહીએ કે, "અમે તમને બધાં સુખ આપીશું, માત્ર સ્વતંત્રતા નહીં એટલું જ નહીં, જો તમે ઇચ્છો તો આ સુખોને ભોગવવાનો ઇનકાર પણ નહીં કરી શકો. તમારે તો એ સુખ ભોગવવાં જ પડશે." તો પરતંત્રતા એટલું મોટું દુઃખ છે કે બધાં સુખોને ધૂળમાં મેળવી દેશે. અને જો આ શરત હોય કે તમારે આ ઓરડાની અંદર જ રહેવાનું છે, બહાર જઈ શકવાના નથી, સુખ છોડી શકવાના નથી, તો આ બધાં સુખ અત્યંત દુઃખ બની જશે. બહાર નીકળવાની પ્યાસ એટલી તીવ્ર બની જશે, વિદ્રોહ એટલો ગહન થઈ જશે કે તેનો હિસાબ લગાવવો મુશ્કેલ બની જશે અને 'બહાર જઈ શકશો નહીં' એવી આ શરત જ અનિવાર્ય રીતે બહાર લઈ જવાનું કારણ બની જશે. એવું પણ બની શકે કે બહાર દુઃખ હોય, છતાં તમે ફરી અંદર આવવાનું પસંદ ન કરો, કારણ કે અંદરથી બહાર જવા માટે કોઈ આજ્ઞા નથી. એક સ્થિતિ આ પણ છે. બીજી સ્થિતિ એ છે કે તમને સંપૂર્ણ સ્વતંત્રતા છે. તમે બહાર જાઓ કે અંદર રહો, પરંતુ તમે ક્યારેય બહાર ગયા નથી. તમે અંદરનાં બધાં સુખ જાણી લીધાં છે, બધી શાંતિ જાણી લીધી છે, બધું જ્ઞાન જાણી લીધું છે, પરંતુ બહાર અજ્ઞાન છે. તમે બહાર જાઓ છો અને તમે બહાર જશો તો જ જાણી શકશો કે બહાર શું છે! જાણવા માટે યાત્રા કરશો, ભટકશો, દુઃખ ભોગવશો અને ત્યારે ફરી પાછા ફરશો. હવે જ્યારે તમે પાછા આવશો ત્યારે પહેલાંનું જ સુખ તમને કરોડો ગણું વધારે અનુભવાશે, કારણ કે વચ્ચે તમે દુઃખનો એક અનુભવ, પીડામાંથી પસાર થવાનો અનુભવ મેળવી ચૂક્યા છો.

> **બહાર નીકળવાની પ્યાસ એટલી તીવ્ર બની જશે, વિદ્રોહ એટલો ગહન થઈ જશે કે તેનો હિસાબ લગાવવો મુશ્કેલ બની જશે અને 'બહાર જઈ શકશો નહીં' એવી આ શરત જ અનિવાર્ય રીતે બહાર લઈ જવાનું કારણ બની જશે**

બની શકે કે પહેલાં આ ઓરડાની અંદરનું સુખ તમને સુખ પણ ન લાગતું હોય, કારણ કે તમને કોઈ દુઃખ જ નહોતું અને પ્રકાશ પણ તમને પ્રકાશ ન લાગ્યો હોય, કારણ કે તમે અંધકાર જોયો જ નહોતો. હવે જ્યારે તમે બહારના જગતમાંથી પાછા ફરો છો, ત્યારે તમે જાણો છો કે પ્રકાશ શું છે, કારણ કે તમે અંધકાર જાણ્યો છે, કારણ કે તમે પીડા જાણી છે. એટલે હવે તમે આનંદને ઓળખો છો. તો પહેલાંનું સુખ રહ્યું પણ હશે, તો પણ તે બોધપૂર્વકનું સુખ નહીં રહ્યું હોય. તમે તેની સભાનતા અનુભવી શક્યા નહીં હો. તમે મૂર્છિત જ રહ્યા હશો, એ સુખમાં પણ મૂર્છિત રહ્યા હશો. પરંતુ જ્યારે બહારનાં બધાં દુઃખોને સહન કરીને, મોટી-મોટી મુશ્કેલીઓમાંથી પસાર થઈને, પાછા પગલાં માંડતાં-માંડતાં તમે પોતાના ઘેર પહોંચો છો, ત્યારે તમે સજાગ અવસ્થામાં પહોંચો છો.

> **ઓશો વાણી**

(ઓશો : 'મહાવીર મારી દૃષ્ટિમાં' પુસ્તકમાંથી. સૌજન્ય : ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

ધર્મ અને જ્યોતિષશાસ્ત્ર

ધર્મ અને જ્યોતિષ બંને એકબીજા સાથે ખૂબ નજીકથી જોડાયેલા છે. છતાં બંનેના ક્ષેત્ર અને ઉદ્દેશ અલગ છે. બંનેને માનનારા અને નહિ માનનારા એમ બંને પ્રકારના લોકો પણ હોય છે. ધર્મ એ વ્યક્તિને નૈતિકતા, કર્તવ્ય, સત્ય, કરુણા અને સાચા-ખોટાને સમજવાની દિશા આપે છે. એ આંતરિક મૂલ્યો અને આધ્યાત્મિક ઉન્નતિ સાથે જોડાયેલ છે તો જ્યોતિષશાસ્ત્રનો આધાર કર્મ, સમય, કાળ, ગ્રહોની સ્થિતિ અને જન્મકુંડળી પર રહેલો છે. ઉપરાંત એ વ્યક્તિના જીવનની સંભાવનાઓ, મુહૂર્તો, તિથિ અને વલણોને સમજવામાં મદદ કરે છે. ધર્મ અને જ્યોતિષશાસ્ત્રના અલગ ક્ષેત્ર હોવા છતાં પરસ્પરનો સંબંધ ઘનિષ્ટ પણ છે. ધાર્મિક વિધિઓ, વ્રત-તહેવારો, શુભ અવસરો માટે કે પૂજા-પાઠ-હવન માટેના સમય અને મુહૂર્ત નક્કી કરવામાં જ્યોતિષશાસ્ત્રનું પંચાંગ ઉપયોગી થાય છે તો જીવનની સમસ્યા, વિઘ્નો અને માનસિક રીતે પરેશાન કરતા પ્રશ્નો અને એવી પરિસ્થિતિથી મુક્તિ માટે દાન, પ્રાર્થના, સેવા, જપ જેવા ધાર્મિક આચરણ જ્યોતિષશાસ્ત્ર દ્વારા મળતા હોય છે.

ધર્મના ઉદ્ભવ સાથે જ જ્યોતિષશાસ્ત્રનો ઉદ્ભવ પણ એટલો જ પૌરાણિક છે. પૌરાણિક જ્યોતિષશાસ્ત્રના મુખ્ય ૧૮ પ્રવર્તક જ્યોતિષાચાર્યો નો ઉલ્લેખ ધર્મગ્રંથોમાં જાણવા મળે છે. જેને સંક્ષિપ્તમાં જોઈએ તો (૧) સૂર્યઃ જેને ગ્રહોના રાજા અને 'સૂર્યસિદ્ધાંત'ના મૂળ ઉપદેશક મનાય છે. (૨) બ્રહ્માઃ સૃષ્ટિના રચયિતા બ્રહ્માજીએ 'બ્રહ્મ સિદ્ધાંત' દ્વારા કાળગણનાનું જ્ઞાન આપ્યું છે. (૩) વ્યાસજીઃ મહર્ષિ વેદવ્યાસે પુરાણો, વેદ અને મહાભારતમાં ખગોળીય ઘટનાઓ અને મુહૂર્તશાસ્ત્રનું વર્ણન કર્યું છે. (૪) વશિષ્ઠઃ સપ્તર્ષિઓમાંના એક શ્રેષ્ઠ મુનિ વશિષ્ઠએ 'વશિષ્ઠ સિદ્ધાંત' અને 'વશિષ્ઠ સંહિતા'ની અદભૂત રચના કરી છે. જેમાં જ્યોતિષશાસ્ત્રની મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓ જોવા મળે છે. (૫) અત્રિઃ મહર્ષિ અત્રિએ સંહિતાઓ અને મુહૂર્તશાસ્ત્રોના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. (૬) પરાશરઃ મહર્ષિ પરાશરે વૈદિક જ્યોતિષનો સૌથી પ્રમાણભૂત ગ્રંથ 'બૃહત્ પરાશર હોરા શાસ્ત્ર' ની રચના કરી છે. (૭) કશ્યપઃ મહર્ષિ કશ્યપે તેમની 'કશ્યપ સંહિતા'માં પ્રકૃતિ અને ગ્રહોના પ્રભાવનું સચોટ વિશ્લેષણ આપ્યું છે. (૮) નારદઃ દેવર્ષિ નારદે 'નારદ સંહિતા'માં મુહૂર્ત અને પ્રશ્ન જ્યોતિષનું જ્ઞાન આપ્યું છે. (૯) ગર્ગઃ યાદવકુળના ગુરુ ગર્ગાચાર્યે તેમની ગર્ગ સંહિતામાં નક્ષત્ર વિદ્યાના સંશોધનાત્મક પરિણામો અને વિગતો આપી છે. (૧૦) મરીચિઃ બ્રહ્માના માનસપુત્ર મહર્ષિ મરીચિએ ખગોળ અને જ્યોતિષશાસ્ત્રના મહત્વપૂર્ણ સૂત્રો આપ્યા છે. (૧૧) મનુઃ આદિપુરુષ મનુએ ધર્મશાસ્ત્રો સાથે કાળગણનાના નિયમો સ્થાપિત કર્યા છે. (૧૨) અંગિરાઃ મહર્ષિ અંગિરાએ વૈદિક યજ્ઞો માટે યોગ્ય સમય અને નક્ષત્રોની ગણતરી આપી છે. (૧૩) લોમેશઃ મહર્ષિ લોમેશની 'લોમેશ સંહિતા'માં જ્યોતિષશાસ્ત્રના નિયમો પણ દર્શાવાયા છે. (૧૪) પૌલિશઃ પ્રાચીન સિદ્ધાંતકાર પૌલિશ મુનિએ 'પૌલિશ સિદ્ધાંત' દ્વારા ગણિત જ્યોતિષને સમૃદ્ધ કર્યું છે. (૧૫) ચ્યવનઃ ભૃગુવંશી મહર્ષિ ચ્યવને આયુર્વેદની સાથે જ્યોતિષશાસ્ત્રમાં પણ ઘણું યોગદાન આપ્યું છે. (૧૬) યવનઃ મુનિ યવનાચાર્યએ 'યવન જાતક ગ્રંથ' દ્વારા ફલિત જ્યોતિષના નિયમોને વ્યવસ્થિત કર્યા છે. (૧૭) ભૃગુઃ મહર્ષિ ભૃગુની 'ભૃગુ સંહિતા' કુંડળી ફળાદેશ માટે ખૂબ જાણીતી છે. (૧૮) શૌનકઃ મહર્ષિ શૌનકે વેદાંગ જ્યોતિષ અને અર્થશાસ્ત્ર જ્યોતિષના સિદ્ધાંતોનું મહત્વપૂર્ણ સંકલન કર્યું છે.

ઉપરોક્ત ૧૮ જ્યોતિષવિદ્યાના પ્રવર્તકો સિવાય અન્ય ઋષિઓ, આચાર્યો અને જ્યોતિષવિદોના નામ પણ આદરપૂર્વક લેવાય છે જેમાં મહર્ષિ વ્યાસના શિષ્ય જૈમિનિએ 'જૈમિનિ સૂત્ર' દ્વારા ફલિત જ્યોતિષની એક વિશિષ્ટ અને સચોટ પદ્ધતિ વિકસાવી હતી. અન્ય એક મય દાનવે પણ સૂર્ય સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત કરી વાસ્તુ અને જ્યોતિષ પર અનેક ગ્રંથો આપ્યા છે. દશાનન રાજા રાવણ પણ જ્યોતિષવિદ્યા અને તંત્રશાસ્ત્રનો પ્રકાંડ પંડિત હતો તેની 'રાવણ સંહિતા' આજે પણ જ્યોતિષીઓ ઉપયોગમાં લે છે. પ્રખર પંડિત ગણાતો અગ્નિહોત્રી બ્રાહ્મણ રાજા રાવણ એટલો શક્તિશાળી હતો કે તેના પુત્ર મેઘનાથના જન્મસમયે પુત્ર અમરત્વ પામે એટલે બધા ગ્રહોને બળજબરીથી કુંડળીના શુભ ગણાતા અગિયારમા સ્થાને મૂકી દીધેલા પણ ચતુરાઈથી શનિદેવે એક પગ બારમા સ્થાને મૂકી દેતા રાવણની મહેનત અફળ કરી દેતા તેણે શનિના પગ પર ગદાથી પ્રહાર કરતાં શનિદેવ એક પગે ખોડંગાતા કરી દીધા હતા. તેમને રાવણે કેદમાં પણ પૂરી દીધેલા અંતે હનુમાનજીએ લંકાદહન કર્યું ત્યારે જેલમાંથી હનુમાનજીએ જ તેમને અને અન્ય ગ્રહોને મુક્ત કરેલા એટલે એવું કહેવાય છે કે હનુમાનજીની ઉપર શ્રદ્ધા રાખતાં ભક્તોને શનિદેવ પરેશાન નથી કરતાં.

જ્યોતિષવિદ્યા એ માન્યતાઓ, પરંપરાઓ અને વિશિષ્ટ પદ્ધતિઓનો સમૂહ છે. જેના દ્વારા એવું મનાય છે કે આકાશમાં આવેલા ગ્રહો, નક્ષત્રો અને તારાઓની સ્થિતિ કે ગતિવિધિઓ માનવ જીવન, વ્યક્તિત્વ અને પૃથ્વી પર બનતી ઘટનાઓ પર અસર કરે છે. મુખ્ય આધાર તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણના પંચાંગ પર છે. પંચાંગ એ સમય અને કાળની ગણતરી કરતું એક શાસ્ત્ર છે. જે પ્રતિવર્ષ બદલાતું રહે છે. પ્રાચીન ભારતીય જ્યોતિષશાસ્ત્ર સિદ્ધાંત, સંહિતા અને હોરા (ફલ-જ્યોતિષ) એમ ત્રણ ભાગમાં 'ત્રિસ્કંધ જ્યોતિષ' નામે વર્ણવાયેલું છે.



> **મીડિયામાં કે અખબારોની જાહેરાત દ્વારા, બસસ્ટેન્ડ, રેલવે સ્ટેશન કે જાહેર સ્થળોની દીવાલો પર ચિપકાવેલ વશીકરણ, પ્રેમમાં સફળતા, ધનલાભ, છૂટાછેડા કે દુશ્મનનો નાશ કરવા ૧૦૦ ટકા ગેરેન્ટી આપતા અશક્ય કામોના પોસ્ટરો કે હેન્ડબિલ વાંચી ક્યારેય છેતરાતાં નહિ, નહિતર હોટલોમાં કે ધર્મશાળાઓમાં ઉતરતા અને બે-ચાર દિવસ માટે આવેલા આવા લે-ભાગુઓ કામ તો નહિ જ કરે પણ આપને આર્થિક નુકસાન સાથે માનસિક શાંતિ આપવાને બદલે ક્ષતિ પણ પહોંચાડી શકે છે**

> **સંસ્કૃતિ દર્શન**
> સનત દવે

પાંચમી સદીમાં થઈ ગયેલા આર્યભટ્ટે ઈ.સ. ૪૯૯માં 'આર્યભટીય' નામનો પ્રખ્યાત ગ્રંથ લખેલો. આ ગ્રંથમાં ગણિત અને ખગોળશાસ્ત્રના ૧૨૧ શ્લોકો છે. જગતને ગણિત અને ખગોળશાસ્ત્રના અદભૂત સંશોધનની ભેટ આપનાર આર્યભટ્ટના સિદ્ધાંતોનો આજે પણ પ્રતિ વર્ષ નવા બનતા પંચાંગ માટે ઉપયોગ થાય છે.

ભારતીય પ્રાચીન વૈદિક જ્યોતિષશાસ્ત્રની ઊંડાણપૂર્વકની ગણતરી અને જીવનની સમસ્યાઓને સમજવાની સચોટ દ્રષ્ટિ ને કારણે પ્રાપ્ત વિશ્વસનિયતાને કારણે આજે વિદેશીઓમાં પણ પ્રિય થઈ રહ્યું છે. પશ્ચિમી જ્યોતિષ 'સાયન' પર આધારિત છે જ્યારે ભારતીય જ્યોતિષ 'નિરયન' પદ્ધતિ પર કામ કરે છે. નિરયન પદ્ધતિ ગ્રહો અને નક્ષત્રોની વાસ્તવિક ધ્યાનમાં રાખે છે જેથી અધિક સચોટ પરિણામ આપનાર રહ્યું છે અને એટલે જ ઘણા બધા રાષ્ટ્રો ભારતીય જ્યોતિષ પર વિશ્વાસ રાખે છે. મધ્યપૂર્વ યુરોપ અને દક્ષિણ પૂર્વ એશિયાના અનેક રાષ્ટ્રો ભારતીય જ્યોતિષને અનુસરે છે. થાઈલેન્ડ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, મ્યાનમાર અને શ્રીલંકા જેવા દેશોની સંસ્કૃતિમાં ભારતીય જ્યોતિષશાસ્ત્ર આજે પણ જીવંત છે. ચીન, જાપાન અને તિબેટમાં પણ બૌદ્ધ ધર્મના પ્રસારની સાથે ભારતીય જ્યોતિષ પણ પહોંચ્યું હતું. ચીનની ૨૮ શિયું (Xiu - ચંદ્ર નિવાસ) પદ્ધતિ અને ભારતની ૨૭ નક્ષત્ર પદ્ધતિ વચ્ચે ખૂબ સમાનતા છે. તો તિબેટની પરંપરાગત કરત્સી જ્યોતિષ પદ્ધતિ મુખ્યત્વે ભારતીય કાલચક્ર તંત્ર અને જ્યોતિષ ગ્રંથો પર જ આધારિત છે. મધ્યપૂર્વ અને ઇસ્લામિક વિશ્વ પર પણ ભારતીય જ્યોતિષશાસ્ત્રનો સૌથી સીધો અને ઊંડો પ્રભાવ જોવા મળે છે. જેમાં અરબ અને પર્શિયન સંસ્કૃતિ પણ બાકાત નથી રહેતી. બ્રહ્મગુપ્તના પ્રખ્યાત જ્યોતિષ ગ્રંથો 'બ્રહ્મસ્ફુટસિદ્ધાંત' અને 'ખંડખાદ્ય'નો ૮મી સદીના બગદાદના ખલીફા અલ-મન્સૂરના સમયમાં અરબી ભાષામાં અનુવાદ થયેલો જે અરબ જગતમાં 'સિંદહિંદ' તરીકે જાણિતો છે. ભારતીય જ્યોતિષના સૂક્ષ્મ ગણિત અને દશા પદ્ધતિઓએ ગ્રીકના ખગોળશાસ્ત્રીઓને પણ ખૂબ પ્રભાવિત કરેલા.

જ્યોતિષશાસ્ત્ર એ ગૂઢ અને સમજવા માટે ખૂબ મહેનત માંગી લેતો વિષય છે અને એટલે જ દેશમાં તે અંગેની ખૂબ મર્યાદિત શૈક્ષણિક વ્યવસ્થા છે.

વર્તમાને સારા અને સાચા જ્યોતિષીઓ તથા લે-ભાગુ જ્યોતિષીઓ વચ્ચેનો ભેદ પારખવો ખૂબ અઘરો છે. કઈ કેટલીયે મુશ્કેલીઓથી પીડાતો માણસ નિવારણ અને મુક્તિ માટે પ્રયાસ કરતો હોય છે ત્યારે સારો જ્યોતિષ મળે તો સાચું માર્ગદર્શન મળે પણ ગ્રહદોષ, કાલસર્પ, વાસ્તુદોષ જેવા કારણોથી ડરાવીને તેના નિવારણ માટે મોટી રકમ પડાવતા લે-ભાગુ જ્યોતિષીઓ ધર્મ અને જ્યોતિષ જગત માટે કલંકરૂપ છે. આવા લે-ભાગુ જ્યોતિષીઓથી કે સમસ્યાના નિવારણ માટે તાંત્રિક વિધિ, ખાસ પ્રકારના મોંઘા રત્નો અને નંગ, તાવીજના ઊંચા ખર્ચા બતાવી પરિણામની ૧૦૦% ગેરેન્ટી આપતા હોય તો ચેતજો. મીડિયામાં કે અખબારોની જાહેરાત દ્વારા, બસસ્ટેન્ડ, રેલવે સ્ટેશન કે જાહેર સ્થળોની દીવાલો પર ચિપકાવેલ વશીકરણ, પ્રેમમાં સફળતા, ધનલાભ, છૂટાછેડા કે દુશ્મનનો નાશ કરવા ૧૦૦ ટકા ગેરેન્ટી આપતા અશક્ય કામોના પોસ્ટરો કે હેન્ડબિલ વાંચી ક્યારેય છેતરાતાં નહિ, નહિતર હોટલોમાં કે ધર્મશાળાઓમાં ઉતરતા અને બે-ચાર દિવસ માટે આવેલા આવા લે-ભાગુઓ કામ તો નહિ જ કરે પણ આપને આર્થિક નુકસાન સાથે માનસિક શાંતિ આપવાને બદલે ક્ષતિ પણ પહોંચાડી શકે છે. આપણા ઋષિ-મુનિઓનો આ અમુલ્ય ઉપહાર પ્રાચીન જ્યોતિષશાસ્ત્રનું સન્માન કરીએ છીએ પણ તેનો દુરુપયોગ કરતા લોકોથી બચવું જ જોઈએ. ધર્મ અને જ્યોતિષ બંને વિષય એવા છે કે તેના અધર્મી લે-ભાગુઓથી સાવચેતી પણ જરૂરી છે.

લેખાંક-૮૯

|| कृष्णस्तु भगवान स्वयम् ||

શોકમગ્ન વ્રજવાસીઓ



> **નંદ વગેરે પુરુષોની ડાબી આંખો અને યશોદા વગેરે સ્ત્રીઓની જમણી આંખો ફરકવા માંડી. આકાશમાં તારાઓ ખરવાથી ઉલ્કાપાતના કડાકા અને પૃથ્વીના પેટાળમાંથી ભૂકંપના ધડાકાઓ સંભળાવા માંડ્યા. આ ઉપરાંત પણ પૃથ્વીમાં, આકાશમાં અને લોકોના શરીરોમાં ન સમજાય તેવી હલચલ, ઉત્પાતો અને ધ્રુજારી જેવાં ચિહ્નો દેખાવા માંડ્યાં**

કંસના રક્ષણ માટે અને દુષ્ટ લોકોના નિગ્રહ માટે જ ભગવાન શ્રીકૃષ્ણે અવતાર ધારણ કર્યો છે. હવે કાલીયનાગનો વારો હતો કે જેણે યમુનાના જળને અને સમગ્ર પ્રદેશને પોતાના ઝેરથી ધગધગતા અગ્નિની માફક અસ્પૃશ્ય કરી નાખ્યો હતો. અગાઉના લેખમાં સમજ્યા તેમ ભગવાન કદંબના વૃક્ષ પરથી કાલીયનાગના ધરામાં કૂદ્યા અને મદોન્મત્ત હાથીની જેમ જળમાં વિહાર કરવા માંડ્યા. અપરિમિત બળવાળા શ્રીકૃષ્ણના કૂદી પડવાથી નાગના ધરાનું જળ બહુ જ ક્ષોભ પામ્યું અને તેના ઉછેલા ભયંકર વમળ, મોજાંઓ રૂપે ચારસો હાથ જેટલા ઊંચે ઊછળ્યા. એટલું જ નહિ પરંતુ પૃથ્વી પર પણ ચારસો હાથ જેટલા વિસ્તારમાં ફેલાયા.

ભગવાન શ્રીકૃષ્ણના હાથો વડે હડસાયેલું જળ જાણે કે અમૃતની પ્રાપ્તિ માટે મદ્રાંચલ દ્વારા મંથન કરવામાં આવી રહેલા મહાસાગર જેવો ભયંકર અવાજ કરવા માંડ્યું. આ ભયંકર અવાજને સાંભળીને અને સાથે જ પોતાના ધરાના જળને અને પોતાના સ્થાનકને કંપાયમાન થતું જોઈને, કાલીયનાગને લાગ્યું કે મારા રહેઠાણ પર કોઈએ હુમલો કર્યો છે. આથી ક્રોધથી વ્યાકુળ નેત્રોવાળો, વાંદરાઓના સમૂહ જેવી પ્રભાવાળો, નેત્રોની રતાશથી જળને રાતું કરી દેતો, ઝેરથી ભરેલા દાવાનળના પવન જેવા સુસવાટા બોલાવતો, વીજળીની માફક લબકા લેતી જીભોવાળો, મોટાં મોટાં પાંચ માથાંઓથી પાંચ શિખરોવાળા પહાડ જેવો લાગતો, ભયંકર શરીરથી આખા ધરાને ઢાંકી દેતો, ક્રોધથી તથા તેજથી સળગી ઊઠ્યો હોય તેવો જણાતો, ઝેર રૂપી અગ્નિથી ધરાના જળને ઉકાળતો, મોઢામાંથી નીકળતી ધુમાડાવાળી અગ્નિની જ્વાળાઓથી કાંઠા પર રહેલા ઝાડના ઠૂંઠાઓને સળગાવી દેતો અને ફૂંફાડા મારતો તે કાલિયનાગ તરત જ ત્યાં આવી પહોંચ્યો.

મેઘ જેવી શ્યામસુંદર પ્રભાવાળા, શ્રીવત્સ નામના ચિહ્નથી તેમ જ પીળાં વસ્ત્રોથી શોભતા, મંદ હાસ્યથી મનોહર મુખવાળા અને કમળના ગર્ભ જેવા સુ-કોમળ ચરણો ધરાવતાં એવા શ્રીકૃષ્ણને નિર્ભયપણે પોતાના ધરામાં વિહાર કરતા જોઈને કાલીયનાગ અત્યંત ગુસ્સે ભરાયો અને તરત જ તેમના સઘળા મર્મસ્થાનોમાં દંશ ભર્યા. પોતાના અપરિમિત શરીરથી તેમનો ભરડો લીધો. આ પ્રમાણે નાગના શરીરથી વીંટાળાયેલા શ્રીકૃષ્ણને હાથ કે પગનું કોઈ પણ પ્રકારનું હલનચલન નહિ કરતા જોઈને અત્યંત પીડા પામેલા, પોતાના સઘળા સુખોનો આધાર શ્રીકૃષ્ણ પર જ રાખતા અને પોતાનો પ્રાણ, સંપત્તિ, પ્રેમ વગેરે તેમને અર્પણ કરી ચૂકેલા ગોપબાળકો, સખીઓ અને અન્ય ગોવાળિયાઓ, આ દ્રશ્ય જોઈને દુઃખથી, શોકથી તથા ભયથી મૂઢ બની ગયાં. રાધાજીની સ્થિતિ તો એવી થઈ ગઈ કે જાણે કાલીયનાગે તેમને પણ દંશ માર્યો હોય. તેઓ નિશ્ચેતન જેવા થઈ ગયાં અને જમીન પર પડી ગયાં. ગાયો, ખૂંટો તેમ જ વાછરડાઓ પણ અતિ દુઃખ અનુભવી ચીસો પાડવા માંડ્યાં. કિનારે કોઈએ હુમલો કર્યો છે. આથી ક્રોધથી વ્યાકુળ નેત્રોવાળો, વાંદરાઓના સમૂહ જેવી પ્રભાવાળો, નેત્રોની રતાશથી જળને રાતું કરી દેતો, ઝેરથી ભરેલા દાવાનળના પવન જેવા સુસવાટા બોલાવતો, વીજળીની માફક લબકા લેતી જીભોવાળો, મોટાં મોટાં પાંચ માથાંઓથી પાંચ શિખરોવાળા પહાડ જેવો લાગતો, ભયંકર શરીરથી આખા ધરાને ઢાંકી દેતો, ક્રોધથી તથા તેજથી સળગી ઊઠ્યો હોય તેવો જણાતો, ઝેર રૂપી અગ્નિથી ધરાના જળને ઉકાળતો, મોઢામાંથી નીકળતી ધુમાડાવાળી અગ્નિની જ્વાળાઓથી કાંઠા પર રહેલા ઝાડના ઠૂંઠાઓને સળગાવી દેતો અને ફૂંફાડા મારતો તે કાલિયનાગ તરત જ ત્યાં આવી પહોંચ્યો.

> **અધ્યાત્મ દર્શન**
> અનુપ શાહ

શ્રીકૃષ્ણની અપ્રતિમ શક્તિથી અજાણ, દુઃખથી, શોકથી તથા ભયથી આતુર થયેલા, દીન થઈ ગયેલા અને જેઓની ચિત્તવૃત્તિ હંમેશાં શ્રીકૃષ્ણમાં જ લાગી રહી હતી તેવા સર્વ વ્રજવાસીઓ, સ્ત્રીઓ તથા બાળકો શ્રીકૃષ્ણની શોધ કરવા માટે વ્રજમાંથી બહાર નીકળ્યાં.

શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનારા બળભદ્ર સર્વ લોકોના ઉદ્વેગને જોઈને મનમાં હસ્યા કરતા હતા. તેમને ખબર હતી કે તેમનો નાનો ભાઈ કેટલો શક્તિશાળી છે, છતાં પણ લોકસ્થિતિને અનુસરતા હોય તેમ કંઈ પણ બોલ્યા નહિ અને સર્વની સાથે ચાલવા માંડ્યા. શ્રીકૃષ્ણને શોધવા નીકળેલા સર્વ વ્રજવાસીઓને ગાયોનાં પગલાંઓ, ગાયોના દાંતથી કપાયેલા ખડો અને પડેલાં પગલાંઓમાં દેખાતા શ્રીકૃષ્ણના પદચિહ્નો જેવાં કે કમળ, જવ, વજ્ર, ધજા તથા અંકુશ વગેરેની રેખાઓવાળા રસ્તાઓ ભાગ્યદર્શક બન્યા. આ રસ્તાઓ પર પડેલાં પગલાંઓને અનુસરતા તેઓ યમુનાજીના કિનારે કાલીયનાગના ધરા તરફ આવી પહોંચ્યાં.

કિનારા તરફ આવી રહેલા તમામ લોકોને જોતા જ દીન તથા ચાલવામાં અશક્ત થઈ ગયેલા અને ધરાથી કિનારા તરફ દોડી આવતાં ગોવાળ બાળકોએ આંખો અને યશોદા વગેરે સ્ત્રીઓની જમણી આંખો ફરકવા માંડી. આકાશમાં તારાઓ ખરવાથી ઉલ્કાપાતના કડાકા અને પૃથ્વીના પેટાળમાંથી ભૂકંપના ધડાકાઓ સંભળાવા માંડ્યા. આ ઉપરાંત પણ પૃથ્વીમાં, આકાશમાં અને લોકોના શરીરોમાં ન સમજાય તેવી હલચલ, ઉત્પાતો અને ધ્રુજારી જેવાં ચિહ્નો દેખાવા માંડ્યાં. આ ઉત્પાતોને જોઈને તથા આજે શ્રીકૃષ્ણ, બળદેવજી વગર જ ગાયો ચરાવવા ગયા છે તેવું જાણીને, મોટા ત્રાસથી ઉદ્વેગ પામેલા, શ્રીકૃષ્ણના અનિષ્ટની શંકાઓથી ઘેરી વળેલા, શ્રીકૃષ્ણની અપ્રતિમ શક્તિથી અજાણ, દુઃખથી, શોકથી તથા ભયથી આતુર થયેલા, દીન થઈ ગયેલા અને જેઓની ચિત્તવૃત્તિ હંમેશાં શ્રીકૃષ્ણમાં જ લાગી રહી હતી તેવા સર્વ વ્રજવાસીઓ, સ્ત્રીઓ તથા બાળકો શ્રીકૃષ્ણની શોધ કરવા માટે વ્રજમાંથી બહાર નીકળ્યાં.

શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનારા બળભદ્ર સર્વ લોકોના ઉદ્વેગને જોઈને મનમાં હસ્યા કરતા હતા. તેમને ખબર હતી કે તેમનો નાનો ભાઈ કેટલો શક્તિશાળી છે, છતાં પણ લોકસ્થિતિને અનુસરતા હોય તેમ કંઈ પણ બોલ્યા નહિ અને સર્વની સાથે ચાલવા માંડ્યા. શ્રીકૃષ્ણને શોધવા નીકળેલા સર્વ વ્રજવાસીઓને ગાયોનાં પગલાંઓ,

(ક્રમશઃ)